Seat No. : ______________

# XW-124

**April-2013**

**M.A. (Sem.-II)**

**Gujarati (407)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

૧. 'અખેગીતા' સંગ્રહને આધારે જ્ઞાની કવિ અખાની વિશેષતાઓ તપાસો. ૧૪

**અથવા**

'અખેગીતા' સંગ્રહમાં જીવ, જગત, બ્રહ્મ અને માયા વિષયક અખાના ચિંતનની સદૃષ્ટાંત ચર્ચા કરો.

૨. 'જયંત ખત્રીની શ્રેષ્ઠ વાર્તાઓ' સંગ્રહને આધારે જયંત ખત્રીની વાર્તાકળા વિશે વિસ્તૃત નોંધ લખો. ૧૪

**અથવા**

'લોહીનું ટીપું', 'નાગ', 'તેજ ગતિ અને ધ્વનિ', 'ખરાબપોર' વાર્તાઓમાં નિરૂપાયેલા સ્ત્રી-પુરુષના સંબંધોને આધારે જયંત ખત્રીની વાર્તાકળા વિશે નોંધ લખો.

૩. પદ્યવાર્તાના સ્વરૂપ લક્ષણોને ધ્યાનમાં રાખીને 'મદન-મોહના'નું મૂલ્યાંકન કરો. ૧૪

**અથવા**

'મદન-મોહના'નું કથાવસ્તુ વર્ણવી શામળની વસ્તુસંકલન કળાની સિદ્ધિ-મર્યાદાઓ વિશે નોંધ તૈયાર કરો.

૪. 'પૂર્વાલાપ' સંગ્રહને આધારે કાન્તની ઊર્મિકવિ તરીકેની પ્રતિભાનું મૂલ્યાંકન કરો. ૧૪

**અથવા**

'પૂર્વાલાપ' સંગ્રહમાંના ખંડકાવ્યોનો વિસ્તૃત પરિચય કરાવો.

૫. નીચેના પ્રશ્નોના જવાબ લખો : ૧૪

(૧) 'અખેગીતા'ની કડવા સંખ્યા જણાવો.

(a) દસ (b) વીસ

(c) ત્રીસ (d) ચાળીશ

(૨) પંક્તિ પૂર્ણ કરો :

જયમ રવિ દેખાડે રવિધામને ત્યમ .........

(a) ગુરુ દેખાડે કામ (b) ગુરુ દેખાડે રામ

(c) ગુરુ દેખાડે ગામ (d) ગુરુ દેખાડે ઠામ

(૩) માયાની સરખામણી અખાએ કોની સાથે કરી છે ?

(a) મધમાખી (b) જનની

(c) નટી (d) પત્ની

(૪) બહેચરનો વ્યવસાય જણાવો.

(a) સુથાર (b) કુંભાર

(c) સોની (d) લુહાર

(૫) 'ખીચડી' વાર્તાની નાયિકાનું નામ જણાવો.

(a) લખડી (b) કસ્તૂર

(c) ગોમતી (d) હલીમા

(૬) પ્રસાદજીની પત્ની વિશે 'તેજ ગતિ અને ધ્વનિ' વાર્તામાં કઈ માહિતી મળે છે ?

(a) બિમાર રહેતી હતી.

(b) પિયર ચાલી ગઈ હતી.

(c) આત્મહત્યા કરી હતી.

(d) હત્યા કરાઈ હતી.

(૭) 'ધાડ' વાર્તાના કથકપાત્રનું નામ જણાવો.

(a) વિઠ્ઠલ (b) ઘેલો

(c) ગોપાળ (d) પ્રાણજીવન

(૮) કુંવરીને પંડિત શુકદેવ પાસે ભણાવવાની સલાહ રાજાને કોણે આપી હતી ?

(a) રાજમાતાએ (b) દરબારીઓએ

(c) પ્રધાને (d) ગોરમહારાજે

(૯) 'એ વિના પુરુષ પૃથ્વી વિશે માહારે તાતને ભ્રાત' એ પ્રતીજ્ઞા કરનાર પાત્રનું નામ જણાવો.

(a) મદન (b) મધુસુદના

(c) મોહના (d) શુકદેવ

(૧૦) પત્નીની વફાદારી દર્શાવતી શિયાળ-હરણીની આડકથા કોના દ્વારા કહેવાઈ છે ?

(a) મદન (b) પંડિત શુકદેવ

(c) પ્રધાન (d) મોહના

(૧૧) 'મદનમોહના'માં કુલ કેટલી દૃષ્ટાંતકથાઓ આપવામાં આવી છે ?

(a) બે
(b) ચાર
(c) છ
(d) આઠ

(૧૨) 'નહીં સ્વજન તે : સખી ! સ્વજન એકલી તું હતી, સહસ્રશત શલ્યમાં હૃદયની પથારી થતી !' પંક્તિ કયા કાવ્યની છે ?

(a) મહેમાનોને સંબોધન
(b) મારી કિસ્તી
(c) રતિને પ્રાર્થના
(d) વિધુર કુરંગ

(૧૩) 'જગતની રચનામાં સજા શક્ય છે, ન્યાય શક્ય નથી' – કયા કાવ્યનો મધ્યવર્તી વિચાર છે ?

(a) મૃગતૃષ્ણા
(b) કલ્પના અને કસ્તુરીમૃગ
(c) રમા
(d) દેવયાની

(૧૪) 'ઉપહાર' કાવ્ય કયા કવિને કેન્દ્રમાં રાખીને રચાયું છે ?

(a) બ.ક. ઠાકોર
(b) કલાપી
(c) ન્હાનાલાલ
(d) બોટાદકર